

**સાચાબોલી ગાય**

ઊંચો–ઊંચો એક ડુંગર હતો. ગામની સીમમાં ચરતી ગાયો કયારેક ડુંગરની ખીણમાં ચાલી જતી. ત્યાં ચારો ચરતી અને ઝરણાનું મીઠું પાણી પીતી. સાંજ પડયે ગોવાળ ધણને ગામમાં પાછું વાળી લાવતો.

એક દિવસ એક ગાય પાછળ રહી ગઈ. સૂરજ ડૂબી ગયો હતો. અંધારું પડવા માંડયું હતું. ગાયને થયું, ‘‘હું પણ કેવી ! મારું વાછરડું બિચારું રાહ જોતું હશે !’’

ડોક લંબાવીને ગાય તો ઊભી પૂંછડીએ દોડી. ત્યાં ડુંગરની ખીણમાંથી છલાંગ મારીને એક વાઘ ગાયની સામે આવીને ઊભો. ગાય થંભી ગઈ. વાઘ કહે, ‘‘તને ખાઉં.’’

ગાય કહે, ‘‘ભાઈ, ઘેર મારું વાછરડું મારી વાટ જોતું હશે. તે બિચારું ભૂખ્યું થયું હશે.’’

વાઘ કહે, ‘‘મારું બચ્ચું પણ ભૂખ્યું થયું છે. એને માટે હું ખાવાનું શોધું છું. તું ઠીક લાગમાં આવી છે. હવે તને છોડું કે ?’’

ગાય કહે, ‘‘ભલે, પણ ભાઈ, હું ઘેર જઈ મારા વાછરડાને ધવરાવી આવું. પછી તું મને મારજે.’’

વાઘ કહે, ‘‘ખરી છે તું પણ ! મને છેતરવો છે, કેમ ? હાથમાં આવેલો શિકાર જવા દઉં તો હું વાઘ શાનો ?’’

ગાય કહે, ‘‘ભાઈ, તને તારું બચ્ચું વહાલું છે તેમ મને પણ મારું વાછરું વહાલું છે. એને ધવરાવી આવું. એક વાર એનું મોંઢું જોઈ આવું. વાછરડાને મળીને હમણાં પાછી આવીશ.’’

વાઘ જરા ઢીલો થયો.

તે કહે, “ભલે જઈ આવ. પણ મોડું ન કરીશ સમજી ?”

ગાય તો દોડતી–હાંફતી ઘેર પહોચી. વાછરડું દોડતુંક ને એને વળગી પડયું અને ધાવવા લાગ્યું. પેટ ભરીને વાછરડું ધાવી રહ્યું એટલે ગાય એને ડિલ પર, કપાળ પર ને લમણા પર ચાટવા લાગી. વાછરડું તો માનું હેત જોઈને રાજી રાજી થઈ ગયું. ડોક ઊંચી કરીને એ માની સામે જુએ છે તો માની આંખોમાંથી આંસુની ધારા ચાલી જતી હતી.

વાછરું કહે, “મા, મા, રડે છે કેમ ?”

ગાય કહે, “કાંઈ નહિ, બેટા.”

વાછરું કહે, “ના, પણ મને કહે.”

ગાય કહે, “ બેટા, હું થોડીક મોડી આવી ને તારે એટલી વાર ભૂખ્યા રહેવું પડયું. મને થયું, કોઈ વાર હું ન જ આવું તો તારી શી વલે થાય ?”

વાછરું કહે, “પણ તું ન શું કામ આવે? તું તો આવે જને ? મારા વગર તને બીજે ગમે જ નહિ.”

સાંભળીને ગાય તો વધુ રડી પડી.

વાછરું કહે, “મા, મા, શું થયું છે ? મને સાચું કહે.”

ગાય એને ચાટતી ગઈ ને બધી વાત કહેતી ગઈ. ગાય રડતી રડતી બોલી, “બેટા, હવે હું જાઉં.”

વાછરું કહે, “તો હું પણ આવું.”

ગાયે ઘણી ના પાડી પણ વાછરડું તો એની પાછળ–પાછળ જંગલમાં ગયું. વાઘે દૂરથી ગાયને આવતી જોઈ. પાછળ–પાછળ વાછરડાને જોઈને વાઘને થયું, “ગાયની વાત તો સાચી.”

ગાય પાસે આવીને કહે, “ભાઈ, હવે મને મારી નાખ.”

વાઘ તો ગળગળો થઈ ગયો, “બહેન, તું કેવી સાચાબોલી છે ! મરવા માટે તે કોઈ આમ પાછું આવતું હશે ? અને તું તો બચ્ચા સાથે આવી છે ! તમને મારીને હું કયાં જાઉ ? તારા જેવી સાચાબોલીને હેરાન કરી તે માટે મને તું માફ કરજે !” એમ કહી વાઘ તો છલાંગ મારતો ચાલ્યો ગયો.

ગાય વાછરડા સાથે ઘેર આવી.

**– ઉમાશંકર જોશી**